# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦ તા.૨૧-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ પરિણામ અંગે જાણ કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંક/રાપબો/પ્રા.મા.શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧/૨૦૨૨/૩૩૫૬-૩૪૩૫ તા.૨૦/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧નું પરિણામ www.sebexam.org પર જાહેર કરેલ છે. ઘણા વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના પરિણામ ડાઉનલોડ કરેલ નથી. જે વિદ્યાર્થીઓએ સદર શિષ્યવૃત્તિ પરીક્ષાના પરિણામ ડાઉનલોડ કરેલ નથી તેવા વિદ્યાર્થીઓને પરિણામ ડાઉનલોડ કરવા તમારી કક્ષાએથી જાણ કરશો

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧/૨૦૨૨/3356-3435

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧,ગાંધીનગર.
તા:20/૦૪/૨૦૨૨

પ્રતિ,

તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ શાસનાધિકારીશ્રી

વિષય :- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ પરિણામ અંગે જાણ કરવા બાબત.
સંદર્ભ :- પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ના પરિણામ જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.શિષ્યવૃત્તિ - ૨૦૨૧/૨૦૨૨/૨૭૮૧-૨૮૬૬,તા:૧૧/૦૪/૨૦૨૨.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભના જાહેરનામાથી પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ નું પરિણામ www.sebexam.org પર જાહેર કરેલ છે. પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ના ૧૮૪૫૯૨ વિદ્યાર્થીઓમાંથી ૭૯૦૨૮ વિદ્યાર્થીઓએ અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ના ૨૨૭૩૦ વિદ્યાર્થીઓમાંથી ૫૯૭૧ વિદ્યાર્થીઓએ જ પરિણામ ડાઉનલોડ કરેલ છે.

આમ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના-૧૦૫૫૬૪ વિદ્યાર્થીઓએ અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના ૧૬૭૫૯ વિદ્યાર્થીઓએ પરિણામ ડાઉનલોડ કરેલ નથી. આથી આપની કક્ષાએથી આપના તાબા હેઠળના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને તેમજ શાળાઓને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ના પરિણામ પ્રસિધ્ધ કર્યા અંગેની જાણ કરવાનું જણાવવામાં આવે છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦ -A તા.૨૧-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ગ્રીષ્મોત્સવ ૨૦૨૨ બાબત.

સંદર્ભ : ક્રમાંકઃજીસીઈઆરટી/તાલીમ/૨૦૨૨/૮૨૩૪-૩૩૦ તા.૨૧/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રજીસ્ટ્રેશન કરાવેલ ધોરણ ૩ થી ૮નાં સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાઓના બાળકો નિયમિત રીતે ગ્રીષ્મોત્સવ અંતર્ગત આગામી ૧ મે(ગુજરાત સ્થાપના દિન)થી ૫ જુન, ૨૦૨૨ દરમિયાન સળંગ ૩૬ દિવસ સુધી રિલીઝ થનાર દૈનિક ડીજીટલ સામગ્રીની મદદથી પોતાના પરિવારજનો અને મિત્રો સાથે મળીને પ્રત્યક્ષ રીતે વિવિધ પ્રવૃતિઓ કરે એ માટે બાળકોને સતત પ્રોત્સાહિત કરવા વિનંતી છે. આ ૩૬ દિવસ દરમિયાન બાળકો વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓ, કલા, ગીત સંગીત, રમતગમત વગેરે દ્વારા વેકેશન દરમિયાન શીખવાના તણાવ વગર આનંદદાયી રીતે સર્વાંગી શિક્ષણ મેળવશે. આ માટે મહત્તમ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ સ્વૈચ્છિક યજ્ઞકાર્યમાં ભાગ લે તે જણાવવામાં આવે છે.

આ ચાર દિવસના શિબીર દરમિયાન શાળાનાં શિક્ષક સ્વૈચ્છિક રીતે સમર કેમ્પનાં ફેસીલિટેટર તરીકે કામ કરે તે ઇચ્છનીય છે. તા.૦૪ થી ૦૬ મે, ૨૦૨૨ દરમિયાન શાળા કક્ષાએ સ્વૈચ્છિક રીતે ૩૦ બાળકો ૧ વર્ગમાં રાખવાના રહેશે. જો બાળકોની સંખ્યા વધુ થાય તો બીજા શિક્ષક પોતાની સેવા આપે. પરંતુ એ ધ્યાન રાખવું કે કોઇ પણ શાળાનાં શિબિરમાં ૩૦થી વધુ બાળક ન રાખવા.

સી.આર.સી.કો.ઓ.એ પણ પોતાન કલસ્ટરની ૧ શાળામાં ૧ વર્ગનાં ફેસીલિટેટર બની બાળકો સાથે ૩ દિવસ પસાર કરે તે અપેક્ષિત છે. સમર વેકેશન વર્કશોપમાં સ્વૈચ્છિક રીતે જોડાવનાર બાળકો અને શિક્ષકોને પ્રમાણપત્ર આપવામાં આવશે. શિબીરની પ્રવૃતિઓ અંગે બાયસેગ દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઇઆરટી/તાલીમ/2022/ ૮૨૩૪/330
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
e-mail : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 21-04-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી- તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- તમામ
શાસનાધિકારી – તમામ

વિષય: ગ્રીષ્મોત્સવ 2022 બાબત....
**સંદર્ભ: અત્રેની કચેરીનો તા. 20-04-2022 નો પત્રક્રમાંક જીસીઈઆરટી/તાલીમ/7956-8052**

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્રથી કરાયેલ અપીલના ખૂબ સારા પ્રતિસાદ બદલ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. રજીસ્ટ્રેશન કરાવેલ **ધોરણ 3 થી 8 નાં સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાઓનાં બાળકો** નિયમિત રીતે ગ્રીષ્મોત્સવ અંતર્ગત આગામી **1 મે (ગુજરાત સ્થાપના દિન)થી 5 જુન, 2022 દરમિયાન સળંગ 36 દિવસ** સુધી રીલીઝ થનાર દૈનિક ડીજીટલ સામગ્રીની મદદથી પોતાનાં પરિવારજનો અને મિત્રો સાથે મળીને પ્રત્યક્ષ રીતે વિવિધ પ્રવૃત્તિઓ કરે એ માટે બાળકોને સતત પ્રોત્સાહિત કરવા વિનંતી છે. આ 36 દિવસ દરમિયાન બાળકો વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, કલા, ગીત સંગીત, રમતગમત વગેરે દ્વારા વેકેશન દરમિયાન શીખવાના તણાવ વગર આનંદદાયી રીતે સર્વાંગી શિક્ષણ મેળવશે.

માન. વડાપ્રધાનશ્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત દરમિયાન કરેલ સૂચન મુજબ શિક્ષણમાં Human Intervention ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આ અન્વયે શિક્ષક દ્વારા બાળકોને પ્રત્યક્ષ રીતે પણ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરાવવી આવશ્યક છે.

આ પ્રવૃત્તિઓ ચાર દિવસના શિબિર દરમિયાન કરાવવી. આ માટે શાળાના શિક્ષક સ્વૈચ્છિક રીતે સમર કેમ્પના ફેસીલિટેટર તરીકે કામ કરે તે ઇચ્છનીય છે. સદર વર્કશોપ <u>તા. 4 થી 6 મે, 2022</u> દરમિયાન શાળા કક્ષાએ યોજવો. જેમાં <u>સ્વૈચ્છિક રીતે જોડાનાર 30 બાળકો</u> એક વર્ગમાં રાખવાં. જો બાળકોની સંખ્યા વધુ થાય તો બીજા શિક્ષક પોતાની સેવા આપે. પરંતુ એ ધ્યાન રાખવું કે કોઈ પણ શાળાના શિબિરમાં એક વર્ગમાં 30 થી વધુ બાળકો ન રાખવાં.

રાજ્યભરના સી.આર.સી. કો-ઓર્ડીનેટર પણ પોતાના ક્લસ્ટરની કોઈ એક શાળામાં એક વર્ગના ફેસીલીટેટર બનીને બાળકો સાથે ત્રણ દિવસ પસાર કરે તે અપેક્ષિત છે.

સમર વેકેશન વર્કશોપમાં <u>સ્વૈચ્છિક રીતે જોડાનાર બાળકો અને શિક્ષકો</u>ને અત્રેથી પ્રમાણપત્ર આપવામાં આવશે. શિબિરની પ્રવૃત્તિઓ અંગે બાયસેગ દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવશે.

મિત્રો, બાળકોને 21 મી સદીનાં કૌશલ્યો શીખવવા માટે આપણે સહિયારો પ્રયત્ન કરીએ. આપના જિલ્લાના મહત્તમ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ સ્વૈચ્છિક યજ્ઞકાર્યમાં જોડાય તે માટે પ્રોત્સાહિત કરવા વિનંતી.

આભાર સહ,

| | |
|---|---|
| નિયામક | નિયામક |
| જીસીઈઆરટી | પ્રાથમિક શિક્ષણ |
| ગાંધીનગર | ગાંધીનગર |

<u>નકલ સવિનય રવાના:</u>

માન. શિક્ષણ સચિવશ્રી, સાતમો માળ, બ્લોક નંબર 5, સચિવાલય, ગાંધીનગર

માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર